# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી, ગુજરાત– ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડો. તિમુર આર. અહલાવત
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન/ફેક્ષ (ઓ.): ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
E-mail: dr@nau.in
Web Site: www.nau.in


**વંચાણે:** ૧) નાયબ શ્રમ આયુકતશ્રી તથા લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: **શ્ર.આ.૬/ટે.૩/૫૦૩ થી ૫૨૪/૨૦૨૬ તા.૦૫/૧૦/૨૦૨૬**

૨) કુલસચિવશ્રી, નકૃયુ., નવસારીના પત્ર ક્રમાંક: **જા.નં.નકૃયુ/રજી/એડીએમ.૩.૧/૪૭૩૭–૮૯/૨૦૨૧ નવસારી તા.૧૭/૦૫/૨૦૨૧**

૩) માન. કુલપતિશ્રી સાહેબની તા.૧૫/૧૦/૨૦૨૬ની નોંધ પર મંજુરી

# પરિપત્ર

**ખેતમજૂરોના દૈનિક લઘુત્તમ વેતન તથા ખાસ ભથ્થા સહિતના કુલ દૈનિક વેતનના દર મંજૂર કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકનાં વિવિધ સંશોધન, વિસ્તરણ અને શિક્ષણ કેન્દ્રો/વિભાગોના ફાર્મ ખાતે ખેતીલક્ષી કામગીરી માટે દૈનિક ધોરણે ખેતમજૂરો/રોજમદારોની સેવાઓ લેવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કૃષિ વ્યવસાયમાં રોકાયેલા ખેતમજૂરો માટે નિયત કરેલ મૂળ દૈનિક લઘુત્તમ વેતન ઉપરાંત, વંચાણે લીધેલ ક્રમાંક ૧ના પત્ર અનુસાર જીવનનિર્વાહ આંકના આધારે દૈનિક ખાસ ભથ્થું નિયત કરવામાં આવેલ છે.

આથી, માન. કુલપતિશ્રીની તા. ૧૫/૧૦/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકનાં તમામ સંશોધન, વિસ્તરણ અને શિક્ષણ કેન્દ્રો/વિભાગોમાં કાર્યરત ખેતમજૂરો/રોજમદારો માટે તા. **૦૧/૧૦/૨૦૨૬થી તા. ૩૧/૦૩/૨૦૨૭ સુધી અથવા હવે પછીના આદેશ સુધી**, નીચે દર્શાવેલ દૈનિક વેતનના દર મંજૂર કરવામાં આવે છે.

| અનુસુચિત રોજગારી/વ્યવસાય | દૈનિક લઘુત્તમ વેતન | દૈનિક ખાસ ભથ્થું | કુલ દૈનિક ચુકવવા પાત્ર રકમ |
|---|---|---|---|
| **કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ ખેત શ્રમયોગીઓ** | રૂ.૨૬૮/– | રૂ.૧૫૮.૫૦/– | **રૂ.૪૨૬.૫૦/–** |

આ હુકમના અમલ માટે યુનિવર્સિટી હસ્તકનાં તમામ કેન્દ્રો/વિભાગોના વડાશ્રીઓએ નીચેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**ખેતમજૂરોની કામગીરી અને વહીવટી વ્યવસ્થા અંગેની સૂચનાઓ**

૧. **હાજરીની નોંધ:** ખેતમજૂરો/રોજમદારોના કામ પર આવવા અને જવાના સમય અનુસાર તેમની હાજરી નિયમિત અને ચોકસાઈપૂર્વક નોંધવાની રહેશે.

૨. **અન્ય કેન્દ્ર/વિભાગમાં કામે રાખવા અંગે:** કોઈ ખેતમજૂર/રોજમદારને એક કેન્દ્ર/વિભાગમાંથી છૂટો કરવામાં આવ્યો હોય અને તેને અન્ય કેન્દ્ર/વિભાગમાં કામગીરી માટે રાખવાનો હોય, તો અગાઉના કેન્દ્ર/વિભાગ પાસેથી મૌખિક જાણકારી મેળવી જરૂરી ખરાઈ કર્યા બાદ જ કામે રાખવાનો રહેશે.

૩. **બ્રેકનો સમય:** ખેતમજૂરો/રોજમદારો માટે બ્રેક આપવાનો સમય સંબંધિત કેન્દ્ર/વિભાગના વડાશ્રીએ કામના પ્રકાર અને અગત્યતાને ધ્યાનમાં રાખીને નક્કી કરવાનો રહેશે.

૪. **બજેટ અને યોજનાના લક્ષ્યાંકો:** દરેક કેન્દ્ર/વિભાગે સંબંધિત યોજના/બજેટ સદર હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચનું આયોજન કરવાનું રહેશે. ફાળવેલ ગ્રાન્ટનો કાર્યક્ષમ ઉપયોગ કરી યોજનાના નિર્ધારિત લક્ષ્યાંકો સમયસર પૂર્ણ કરવાના રહેશે.

૫. **કામગીરીનું સુપરવિઝન:** ખેતમજૂરો/રોજમદારો કામગીરી કરતા હોય ત્યારે તેમના કામના સુપરવિઝન માટે ઓછામાં ઓછા એક જવાબદાર કર્મચારીની હાજરી ફરજિયાત રહેશે. આ વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત કેન્દ્ર/વિભાગના વડાશ્રીની રહેશે.

૬. **કામનું આયોજન:** સંબંધિત યોજનાના મંજૂર લક્ષ્યાંકો તથા સંશોધન નિયામકશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર જ કામગીરીનું આયોજન કરવાનું રહેશે. આ બાબતે સંબંધિત કેન્દ્ર/વિભાગના વડાશ્રીએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સૂચનાઓના પાલનમાં કોઈ બેદરકારી અથવા ઉલ્લંઘન જણાશે તો તેની જવાબદારી સંબંધિત કેન્દ્ર/વિભાગના વડાશ્રીની રહેશે.

**આ હુકમ માન. કુલપતિશ્રીની મંજૂરીથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૨/ખેતમજુર/ 4580 /૨૦૨૬
તા.૧૭.૧૦.૨૦૨૬

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**